સમુદ્રી જળબિલાડી

એવલિન શો

ચિત્ર: શેરીલ પેપ

સમુદ્રી જળબિલાડીનો જન્મ ઠંડા

પ્રશાંત મહાસાગરમાં થાય છે.

એ ત્યાં રમે છે, તરે છે અને ડૂબકી

લગાવે છે. એ ત્યાં ખાય છે અને
ઊંઘે છે.

તો પણ એ સ્તનધારી છે અને
હવામાં શ્વાસ લેય છે.

આ સરળતાથી વાંચી શકાય એવી

પ્રાકૃતિક પુસ્તિકામાં, સુસાન નામની

એક વૈજ્ઞાનિક એક માદા
જળબિલાડી

અને એના બચ્ચાનું અધ્યયન કરે છે.

સુસાન સાથે યુવાન પાઠક એ
જાણશે કે સમુદ્રી જળબિલાડી ઠંડા
મહાસાગરમાં કેવી રીતે ગરમ રહે
છે; એ ગોકળગાય, કરચલા અને
અન્ય ભોજન કેવી રીતે પકડે છે;
અને એ પાણી ઉપર તરતા-તરતા
કેવી રીતે સૂઈ જાય છે.

શબ્દો અને ચિત્રોના માધ્યમથી,
પાઠક એ જાણશે કે કેવી રીતે માઁ
સમુદ્રી જળબિલાડી એના મોટા
થતા બચ્ચાને પોતાની દેખભાળ

કરતા શીખવાડે છે.

સમુદ્રી જળબિલાડી

એવલિન શો
ચિત્ર: શેરીલ પેપ

પરિચય

બહુ, બહુ, બહુ, બહુ, બહુ પહેલા

જળબિલાડી સૂકી જમીન પર રહેતા હતા.

પછી એણે જમીન છોડી દીધી.

કોઈ જાણતું નથી કે કેમ.

કદાચ ત્યાં પર્યાપ્ત ભોજન ન હતું.

કદાચ ત્યાં પર્યાપ્ત જગ્યા ન હતી.

પછી જળબિલાડી પાણીમાં રહેવા ચાલ્યા ગયા.

એમાંથી થોડા સમુદ્રમાં રહેવા ચાલ્યા ગયા.

ત્યાં એને ઘણું ખાવાનું અને ઘણી જગ્યા મળી.

એ સમુદ્રી જળબિલાડી બની ગયા.

સમુદ્રી જળબિલાડી ઠંડા પ્રશાંત મહાસાગરમાં જન્મે છે.

એ ત્યાં રમે છે, તરે છે,
અને ડૂબકી લગાવે છે.
એ ત્યાં સંભોગ કરે છે.
એ ત્યાં સૂએ છે.
એ ત્યાં જ મરી જાય છે.

સમુદ્રી જળબિલાડી
તમારી અને મારી જેમ
સ્તનધારી હોય છે.
એ હવામાં શ્વાસ લેય છે.

પ્રકરણ 1

સુસાન એક વૈજ્ઞાનિક છે.

એ કેલિફોર્નિયાના મોન્ટેરીમાં રહે છે.

એ રોજ સમુદ્રી જળબિલાડી

ના એક સમૂહનું અધ્યયન કરે છે.

એ એને ઘણા કામ કરતા જુએ છે.

આજે સુસાન એક નાની હોડીમાં બેઠી છે.

વૈજ્ઞાનિક એના વિષે જાણવા ચાહે છે.

જળબિલાડી કેવી રીતે ગરમ રહે છે?

એ શું ખાય છે?

એ એના બચ્ચાની દેખભાળ

કેવી રીતે કરે છે?

હોડી, કેલ્પ નામના

થોડા છોડ તરફ તણાઈ રહી છે.

કેલ્પ એક સમુદ્રી શેવાળ છે

જે સમુદ્રના તળિયેથી ઉપર તરફ વધે છે.

સમુદ્રી જળબિલાડી

કેલ્પ - સમુદ્રી શેવાળ - પાસે તરે છે.

એના મોટા હલેસા જેવા પગ

આકાશ તરફ નિર્દેશ કરે છે.

સુસાન આ જાનવરને જાણે છે.

એણે એનું નામ ગાર્બો રાખ્યું છે.

ગાર્બોનું પોતાનું એક નવું જન્મેલું બચ્ચું છે.

સુસાને બચ્ચાનું નામ બો રાખ્યું છે.

એ હજી થોડા અઠવાડિયાનું જ છે.

બો એની માઁ ના પેટ પર સૂઇ રહ્યું છે.

ગાર્બો પાણીની નીચે

ડૂબકી લગાવવાની તૈયારી કરી રહી છે.

બો હજી ડૂબકી મારવા માટે

જોઇએ એવો બળવાન નથી.



ગાર્બો એના બચ્ચાને

કેલ્પમાં તરતો છોડી દેય છે.

બચ્ચું ત્યાં સુરક્ષિત છે.

ત્યાં એને જોઇ શકાતો નથી.

બચ્ચાનું સોનેરી-બદામી ફર

કેલ્પના રંગનું જ છે.

બો ઉઠતો નથી.

ગાર્બો પાણીની નીચે ડૂબકી લગાવે છે.

એક મિનિટ પછી એ બહાર નીકળે છે.

એ એના પીઠના બળે તરે છે

એના સૂતેલા બચ્ચાની બાજુમાં.

ગાર્બોને પાણીની નીચે કંઈક ખાવાનું મળ્યું છે.

એણે એની છાતી પર પાંચ ગોકળગાય રાખી છે.

એના હાથ નીચે એક પથ્થર પણ છે.

ગાર્બો ગોકળગાયના કોટલાંને

એના દાંતથી બટકું ભરી શકતી નથી.

એ બહુ સખત હોય છે.

એ પથ્થરને એના પેટ પર રાખે છે.

એ ગોકળગાયને પથ્થર સાથે અથડાવે છે.

એ પથ્થરને એક ઓજાર તરીકે

વાપરી રહી છે.

ગોકળગાયનું કોટલું તોડયા પછી,

એ એના માંસને ચૂસે છે.

ખાતા-ખાતા એ

પાણીમાં વારે-વારે ગોળ-ગોળ ફરે છે.

કોટલાંના ટુકડા પડી જાય છે.

ગાર્બો એના ફરમાંથી

કોટલાંના ટુકડા પણ સાફ કરે છે.

પછી ગાર્બો એનું મોઢું

અને મૂછો લૂછે છે.

એ એના પગના નહોરથી એના ફરને

રગડે છે અને કાંસકી કરે છે.

એ એના ફરમાં ફૂંક મારે છે.

એનું ફર ફૂલી જાય છે.

ફર મુલાયમ અને હવાવાળું થઈ જાય છે.

રુવાંટીવાળું ફર ગાર્બોને

તરવામાં મદદ કરે છે.

રુંવાટીવાળું ફર ગાર્બોને

સૂકું અને ગરમ રાખે છે.

ફરની નીચે ગાર્બોની ત્વચા

ક્યારેય ભીની થતી નથી.

એ જ કારણ છે કે ગાર્બો

અને અન્ય સમુદ્રી જળબિલાડી

ઠંડા સમુદ્રમાં ઠંડા થઈ જતા નથી.

પછી ગાર્બો સુસ્ત બો ને

એના પેટ પર સૂવડાવે છે.

એ એને સ્તનપાન કરાવે છે.

એ બો ને દિવસના ઘણી વાર સ્તનપાન કરાવે છે.

બો નું મોઢું સ્તનની ડીંટડીને અડે છે.

બો દૂધ ચૂસે છે.

થોડીવારમાં બો ફરી સૂઈ જાય છે.

નાના બચ્ચા બહુ સૂતા હોય છે,

નાના બાળકો ની જેમ.

પછી ગાર્બો બો ને સાફ કરે છે.

એ બચ્ચાને બધે ચાટે છે.

એ બો ના ફરને પણ રૂંવાટીદાર બનાવે છે.

બો ને સાફ કરતી વખતે

એ ધીમેથી કુ, કુ, કુ, કુ અવાજ કરે છે.

આ રીતે

એ ઊંઘનું ઝોકું ખાતી વખતે

દૂર નથી જતી રહેતી.

પાસે જ એક સમુદ્રી નર
જળબિલાડી, અન્ય માદા

અને એના બચ્ચા પણ ઝોકાં ખાઇ
રહ્યા હોય છે.

થોડીવાર પછી

ગાર્બો કેલ્પમાં સૂઇ જાય છે.

એ એના પેટ પર કેલ્પની ફીત (રિબન)
રાખે છે.

કેલ્પની રિબન એને એક જ જગ્યાએ
પકડી રાખે છે.

બપોરે ગાર્બો મોડે થી ઉઠે છે.

એ ફરી ભોજનની શોધ કરે છે.

સુસાને નોંધ્યું છે કે

સમુદ્રી જળબિલાડી

આબાલોન, કરચલા, સમુદ્રી
અર્ચિન, અને ગોકળગાય ખાય છે.

સમુદ્રી જળબિલાડી

દિવસ અને રાતના સમયે પણ

ભોજન ની શોધ કરે છે.



સમુદ્રી જળબિલાડી

દિવસે અને રાતે પણ સૂઈ જાય છે.

જયારે એ સમુદ્રમાં સૂઈ જાય છે,

ત્યારે કેલ્પની રિબન એને ઢાંકે છે.

પ્રકરણ 2

એક સવારે સુસાન

ગાર્બોને જોવા માટે

પાણીની નીચે ડૂબકી લગાવવાની

યોજના બનાવે છે.

સુસાન ક્યારેય એકલી

ડૂબકી લગાવતી નથી.

એનો મિત્ર સાઈમન પણ

એની સાથે જાય છે.

સુસાન અને સાઈમન રબરના સૂટ પહેરે છે.

રબરના સૂટ એને ગરમ રાખે છે.

એ એના પગમાં

લાંબા ફ્લિપર્સ પહેરે છે.

ફ્લિપર્સ થી

તરવાનું સરળ થાય છે.

એ એની પીઠ પર

હવાની મોટી ટાંકી બાંધે છે.

એનાથી એ પાણીની

નીચે શ્વાસ લઈ શકે છે.

છેવટે,

એ કાંચના ફેસ માસ્ક પહેરે છે.

એનાથી એ બહુ સારી રીતે

પાણીમાં જોઇ શકે છે.

એક સાથે,

એ તરતા-તરતા નીચે જાય છે.

એ કેલ્પ રિબન પાસે તરે છે.

રિબન આમતેમ ઘૂમે છે.

વાતાવરણ બહુ સુંદર અને બહુ શાંત છે.

સુસાન અને સાઈમન પાણીની નીચે
એક ખડક પર આરામ કરે છે.
એ ગાર્બોની રાહ જુએ છે.
સુસાન ગાર્બોને
પાણીની નીચે ખાવાનું શોધતા
જોવા ચાહે છે.

થોડીવારમાં ગાર્બો તરીને નીચે આવે છે.
એ વ્હેલની જેમ તરે છે,
એના શરીરને ઉપર-નીચે હલાવે છે.

ગાર્બો એક કરચલાનો પીછો કરે છે.

કરચલો પડખાભેર ચાલે છે.

એ એને પકડી શકતી નથી.

પછી ગાર્બો એક બહુ મોટા ખડક પર

ચોંટેલી આબાલોન જુએ છે.

એ એક નાનો પથ્થર ઉઠાવે છે.

એ આબાલોન પર પ્રહાર કરે છે.

આબાલોન ઢીલી થઈ જાય છે.

એ એને એની છાતી પાસે રાખે છે,

અને એને પકડી રાખે છે.

એ ઉપર આવે છે.

દસ મિનિટ પછી

ગાર્બો પાછી આવે છે.

આ વખતે

એ એક સમુદ્રી અર્ચિન લાવે છે.

અર્ચિનના તીક્ષ્ણ શૂળ

એને હેરાન નથી કરતા.

અચાનક ગાર્બો,

સુસાન અને સાઈમનને જુએ છે.

એ ધીરે-ધીરે એના તરફ તરે છે.

એ એને ઘૂરે છે.

સુસાન, ગાર્બોને

રૂબરૂ મળીને ખુશ થાય છે.

પણ ગાર્બો જલ્દીથી ફરે છે

અને તરીને દૂર જતી રહે છે.

ગાર્બો, કદાચ ડરી ગઈ છે.

સુસાન અને સાઈમન તરીને ઉપર આવે છે
અને નાવમાં ચઢે છે.
એ એના રબરના સૂટ અને હવાની ટાંકી
ઉતારીને હાશ અનુભવે છે.
સુસાન, સાઈમનને કિનારે લઈ જાય છે.
પછી એ પાછી ફરે છે.

પ્રકરણ 3

તે દિવસે પછી પવન ફૂંકાવા લાગે છે.
હવા પાણીને તોફાની અને ફીણવાળું બનાવે છે.
નાવ લહેરોમાં ઉપર-નીચે ઉછળે છે.
સુસાન ગાર્બોને જોઈ રહી છે.

ગાર્બો ભોજનની શોધમાં જઈ રહી છે.

એ બો ને કેલ્પ પાસે રાખે છે.

મોટા મોજા બો ને દૂર

એક ખડક તરફ લઈ જાય છે.

ગાર્બો ફક્ત એક મિનિટ માટે

પાણીની નીચે રહે છે.

પણ જયારે એ ઉપર આવે છે,

ત્યારે એ બો ને શોધી શકતી નથી.

ગાર્બો બહુ અસ્વસ્થ થઈ જાય છે.

તરતા-તરતા એ અહીં-તહીં જુએ છે.

એ બો ને શોધી રહી છે.

ગાર્બોને ધીમી-ધીમી ચીસ સંભળાય છે.

વાહ, વાહ, વાહ.

એ ચીસ એને કોઈ

બચ્ચાની હોય એવું લાગે છે.

ગાર્બો એ તરફ તરવા લાગે છે.

પણ અવાજ સી ગલ (એક દરિયાઈ પક્ષી) નો હોય છે.

ક્યારેક સી ગલ નો

અવાજ બચ્ચા જેવો હોય છે.

ગાર્બો થોડી સીલ પાસે તરે છે.

એ એક ખડક પર બેસેલા

મોટા કાળા પક્ષીઓ પાસેથી પસાર થાય છે.

ત્યાં

ગાર્બોને ફરીથી

નાની-નાની ચીસ સંભળાય છે.

વાહ, વાહ, વાહ.

ગાર્બો ચીસ પાડે છે.

એ ખડકની પાછળ તરીને જાય છે.

ત્યાં બો છે.

બો એની માઁ પાસે હોવા છતાં

રડવાનું બંધ નથી કરતો.

બચ્ચા ક્યારેક એવું કરે છે.

હવે બો સુરક્ષિત છે.

બો માઁ વગર સમુદ્રમાં એકલા

રહેવા માટે બહુ નાનો છે.

પ્રકરણ 4

બો એની માઁ સાથે

લગભગ આઠ મહિના રહે છે.

એ દરમ્યાન, સુસાન બો ને

સમુદ્રમાં રહેવાનું શીખતાં જુએ છે.

બો ડૂબકી મારતા શીખે છે

જયારે એ ગાર્બોનું અનુસરણ

કરવાની કોશિશ કરે છે.

સૌથી પહેલા બચ્ચું

એના પગને ઉપર ઉઠાવે છે.

ફક્ત એનું માથું નીચે જાય છે.

બો કોશિશ કરે છે

અને ક્યારેક રડે છે.

બચ્ચું હજી ડૂબકી નથી લગાવી શકતું.



બો અંતે ડૂબકી લગાવતા શીખે છે

જયારે એ થોડો મોટો,

અને થોડો વધારે બળવાન થાય છે.

દરમિયાન, બો તરતા શીખે છે.

ગાર્બો બો ને પેટ પર રાખે છે.

પછી એ ધીરે-ધીરે તરીને દૂર જતી રહે છે.

બો એની નકલ કરવાની

કોશિશ કરે છે.

થોડા સમયમાં બો એના પગ

અને આગળના પંજાને

હલેસાની જેમ ચલાવવા લાગે છે.

થોડા અઠવાડિયામાં બો

એની પીઠ અને પેટના બળે

તરવા લાગે છે.

બો મોટો થાય છે.

એ હજી પણ દૂધ

ચૂસવાની કોશિશ કરે છે.

ગાર્બો બો ને આબાલોન,

કરચલા, ગોકળગાય અને સમુદ્રી
અર્ચિન ના ટૂકડા ખવડાવે છે.

ક્યારેક બો,

ગાર્બો પાસેથી ખાવાનું ઝુંટવાની

કોશિશ કરે છે.

ત્યારે ગાર્બો એનાથી દૂર જતી રહે છે.

બો ને એનું ખાવાનું જાતે

શોધવાનું શીખવું પડશે.

હવે બો એની માઁ સાથે ડૂબકી લગાવે છે.

પહેલા તો બો ખાલી કોટલાં,

સમુદ્રી શેવાળના ટૂકડા,

પથ્થર અને પ્લાસ્ટિકના કપ લઈ આવે છે.

ખાવા માટે કંઈ પણ સારું નહીં!

ધીરે-ધીરે બો શીખે છે

કે પાણીની નીચે ખાવાનું કેવું દેખાય છે.

પછી એ ગોકળગાય અને એવી ખાવાની વસ્તુઓ
લઈ આવે છે.

બો ગોકળગાયને ખોલવાની કોશિશ કરે છે.

એ એની માઁ નો પથ્થર લેય છે.

એ વાર કરે છે પણ બહુ જોરથી નહીં.

ગોકળગાય તૂટતી નથી.

થોડા સમયમાં બો ગોકળગાયને

જોરથી મારતા શોખી જાય છે.

બો પોતાને સાફ કરે છે.

એ એના ફરને પણ ફૂલાવે છે.

ક્યારેક બો બીજા બચ્ચા સાથે રમે છે.

એ સમુદ્રમાં ગુલાંટ ખાય છે અને ફુદરડી ફરે છે.

જો એ તોફાની થઈ જાય,

તો એની માઁ ઓ

એને જૂદા પાડે છે.

રાતે બો એની માઁ પાસે સૂએ છે.

એ હવે લગભગ એની માઁ જેટલો મોટો થઇ ગયો છે.

આઠ મહિના પછી બો

એની માઁ ને છોડી દેય છે.

એ સમુદ્રમાં રહેવાનું શીખી ગયો છે.

એ નર સમુદ્રી જળબિલાડીના સમૂહમાં

જોડાઇ જાય છે.

એ સાથે તરે છે.

સુસાન અન્ય માતાઓ અને

અન્ય બચ્ચાઓને નિહાળે છે.

એ અન્ય માતાઓને એ જ કામ

કરતા જુએ છે

જે ગાર્બોએ કર્યું હતું.

સુસાને શીખ્યું
કે કેવી રીતે સમુદ્રી જળબિલાડી
ઠંડા પ્રશાંત મહાસાગરમાં
એના બચ્ચાની દેખભાળ કરે છે.



આ પ્રજાતિનું વૈજ્ઞાનિક નામ એનહાઇડ્રા લુટ્રીસ છે. કેલિફોર્નિયાના તટ પાસે હવે એટલા ઓછા જળબિલાડી બચ્ચા છે કે થોડા સમયમાં એ બધા વિલુપ્ત થઈ શકે છે.

લેખક અને કલાકાર જડસન ઈ. વંડવેરે અને ફ્રેન્ડસ ઓફ ધ સી ઓટ્ટર નો એના ઉત્કૃષ્ટ સંસાધનો માટે આભાર માને છે.